❁ ❁ ❁

## બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની ભરતી કરવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગ
સચિવાલય, ગાંધીનગર, તા. ૨-૭-'૯૯

*સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-૧૧૮૯-મ-૪૭૨-૯૬-ગ, તા. ૨૫-૧૦-'૮૯.*
*(૨) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-૧૧૯૮-૧૩૨૫૮-ગ, તા. ૧૮-૬-'૯૮.*

**ઠ રા વ**

શિક્ષણ વિભાગના સંદર્ભમાં જણાવેલ તા. ૨૫-૧૦-'૮૯ના ઠરાવથી બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સહાયકઅનુદાન આપવાનું નક્કી કરવામાં આવેલ. આ બાબતમાં રાજ્ય સરકારે તેના સંકલ્પપત્રમાં પુનઃ વિચારણા કરવા માટે અભ્યાસજૂથની રચના કરવાનું ઠરાવેલ તથા રાજ્ય સરકારની તિજોરી ઉપર આયોજન બહારની જોગવાઇઓમાં થતા દિનપ્રતિદિનનો વધારો, ઘટાડવા માટે સરકારશ્રી દ્વારા ખર્ચમાં નિયંત્રણ મૂકવા માટે સૂચનો કરવામાં આવેલ છે. આ બધી બાબતોને ધ્યાનમાં લઇને રાજ્ય સરકારે તા. ૧૮-૬-'૯૮ના ઠરાવક્રમાંક : બમશ-૧૧૯૮-૧૩૨૫૮-ગ અન્વયે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે અનુદાનની નીતિની સમીક્ષા/પુનઃ વિચારણા કરવા માટે અભ્યાસજૂથની રચના કરવામાં આવેલ. આ અભ્યાસજૂથમાં રાજ્ય કક્ષાના સંચાલક સંઘ, આચાર્ય સંઘ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષક સંઘના હોદ્દેદારશ્રીઓ, શિક્ષણવિદો અને અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ. આ અભ્યાસજૂથે એપ્રિલ-૧૯૯૯માં તેમના અહેવાલમાં કરેલ ભલામણોને સ્વીકારવાનું રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતું. પુખ્ત વિચારણાના અંતે ઉપરોક્ત અભ્યાસજૂથની ભલામણના પ્રકરણ-૩ના મુદ્દા નં.૩-અ(૭)માં કરવામાં આવેલ ભલામણોને સ્વીકારીને આ હુકમોની તારીખથી બિનસરકારી માધ્યમિક શાળાઓ / ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષક, વહીવટી કર્મચારી તથા પટાવાળાની નિમણૂક જે ભરતીના પ્રવર્તમાન નિયમાનુસાર કરવામાં આવે છે તે મુજબ અનુક્રમે શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની નિમણૂક ભરતીના પ્રવર્તમાન નિયમો મુજબ કરવાની રહેશે. આવી નિમણૂક મેળવનારને પાંચ વર્ષની મુદત પૂરી કર્યા બાદ છઠ્ઠા વર્ષથી મળવાપાત્ર પગારધોરણમાં શરૂઆતના તબક્કે મળવાપાત્ર તમામ લાભો આપવામાં આવશે. અને આ રીતે ઉપર દર્શાવેલ જે-તે સંવર્ગના કર્મચારીઓને અનુક્રમે મદદનીશ શિક્ષક, કારકુન અને વર્ગ-૪ના કર્મચારી (પટાવાળા) તરીકે નિયમિત કરવામાં આવશે. આ યોજના નીચે (૧) માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની કામગીરી કરનારને માસિક રૂ. ૪૦૦૦/- (૨) ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયકની કામગીરી કરનારને માસિક રૂ. ૪૫૦૦/- (૩) શાળાની વહીટી કામગીરી કરનાર વહીવટી સહાયકને માસિક રૂ. ૨૫૦૦/- અને (૪) શાળાની સેવાવિષયક કામગીરી કરનાર સાથી સહાયકને માસિક રૂ. ૧૫૦૦/- ઉચ્ચક માનદ્ વેતન પાંચ વર્ષ સુધી તેઓ સંતોષકારક કામગીરી બજાવે તે શરતે ચૂકવવામાં આવશે.

આ નવી નિમણૂકો જે-તે માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાએ સામેલ પરિશિષ્ટ-૩માં દર્શાવ્યા પ્રમાણે ૧:૩ના પ્રમાણમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની નિમણૂક કરવાની રહેશે.

આ પરિશિષ્ટ-૩ પ્રમાણે શાળામાં જેમ જેમ જગ્યાઓ ખાલી પડે તેમ જૂના શિક્ષકો અને શિક્ષણ સહાયકોને પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણે નિમણૂક કરવાની રહેશે અને તે અંગે અલગ રજિસ્ટર બનાવીને તેને ક્રમવાર જાળવવાનું રહેશે અને નવી નિમણૂક વખતે આ રજિસ્ટર પ્રમાણે નિમણૂક કરવાની રહેશે. આ બાબતમાં માધ્યમિક શાળાઓ તરફથી અરજી મંગાવવામાં આવે અને કોઇ જૂના શિક્ષક, કારકુન કે પટાવાળા તરફથી અરજી ન આવે તો તે જગ્યાઓ ઉપર જણાવેલ શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકથી ભરવાની રહેશે. આ જ પ્રમાણે જૂના (ચાલુ) બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં

શિક્ષકો અને અન્ય કર્મચારીઓની ખાલી પડતી જગ્યાઓ પર, ઉપર મુજબ સહાયકોની નિમણૂક નીચેની શરતોને આધીન રહીને કરવાની રહેશે :

૧. માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ખાલી પડતી જગ્યાઓની ભરતી આ પ્રમાણે કરવાની રહેશે. આ ભરતી વખતે પાંચ વર્ષથી વધુ અનુભવી તેવા મદદનીશ શિક્ષક અને શિક્ષક સહાયકનું પ્રમાણ ૧:૩નું રાખવાનું રહેશે. તેવી જ રીતે પાંચ વર્ષથી વધુ અનુભવી ક્લાર્ક અને વહીવટી સહાયકનું પ્રમાણ પણ ૧:૩નું રહેશે. પટાવાળામાં પણ પાંચ વર્ષથી વધુ અનુભવી પટાવાળા અને સાથી સહાયકનું પ્રમાણ ૧:૩નું રાખવાનું રહેશે.

ઉપરોક્ત ૧:૩નું પ્રમાણ જાળવવા માટે હાલમાં અનામતનું પ્રમાણ જાળવવા માટેના પ્રવર્તમાન તમામ નિયમો મુજબની કાર્યપદ્ધતિનો અમલ દરેક શાળાએ ફરજિયાત કરવાનો રહેશે અને તે મુજબ પરિશિષ્ટ-૩ મુજબનું રજિસ્ટર (સંવર્ગ દીઠ અલગ-અલગ) દરેક શાળાએ રાખવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૩-૬-'૯૯ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, બી. કે. ભટ્ટ
ઉપસચિવ, શિક્ષણ વિભાગ

## પરિશિષ્ટ-૩

## શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયક ભરતીયોજના માટે ૧: ૩નું પ્રમાણ જાળવવા અંગે નિભાવવાનું રજિસ્ટર

૧. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૨. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૩. શિક્ષણ સહાયક- વહીવટી સહાયક સાથી સહાયક
૪. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૫. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૬. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૭. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૮. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૯. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૧૦. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૧૧. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૧૨. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૧૩. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૧૪. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૧૫. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૧૬. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૧૭. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૧૮. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૧૯. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૨૦. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૨૧. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૨૨. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૨૩. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૨૪. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૨૫. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૨૬. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૨૭. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક સાથી સહાયક
૨૮. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૨૯. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૩૦. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૩૧. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૩૨. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૩૩. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૩૪. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૩૫. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૩૬. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૩૭. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૩૮. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૩૯. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૪૦. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૪૧. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૪૨. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૪૩. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૪૪. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૪૫. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૪૬. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૪૭. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૪૮. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક
૪૯. જૂના શિક્ષક-ક્લાર્ક-પટાવાળા
૫૦. શિક્ષણ સહાયક-વહીવટી સહાયક-સાથી સહાયક